# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૩૦/૧૦/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# સુરતમાં ટેકનિકલ ટેકસટાઇલ્સમાં વુવન માટે ખૂબ જ સારું ભવિષ્ય છે, ઉદ્યોગકારોને સાથે મળીને આગળ વધવું પડશે

**‘ટેકનિકલ ટેકસટાઇલ્સના ભવિષ્ય’ વિશે યોજાયેલા સેમિનારમાં મુકુંદ આપ્ટેએ માર્ગદર્શન આપ્યું**

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૩૦ ઓકટોબર, ૨૦૨૧ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે આવેલી સમૃદ્ધિ ખાતે ‘ફયુચર ઇન ટેકનિકલ ટેકસટાઇલ્સ’ વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાત વકતા તરીકે મુંબઇ સ્થિત એમ.એસ. એસોસીએટ્‌સના ડાયરેકટર મુકુંદ આપ્ટે ટેકસટાઇલના ઉદ્યોગકારોને મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

મુકુંદ આપ્ટેએ સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં વુવન, નીટેડ, નોન વુવન્સ તથા અન્ય પ્રોડકટ્‌સ માટેના ભવિષ્ય વિશે ચર્ચા કરી હતી. તેમણે આંતરરાષ્ટ્રીય અને ડોમેસ્ટીક માર્કેટમાં ટેકનિકલ ટેકસટાઇલ્સની સ્થિતિ વિશે પણ પ્રકાશ પાડયો હતો. જો કે, સુરતમાં ટેકનિકલ ટેકસટાઇલ્સમાં વુવનના ભવિષ્ય ઉપર ઉદ્યોગકારોનું તેમણે ઘ્યાન કેન્દ્રિત કર્યું હતું. તેમણે જણાવ્યું હતુ કે, સુરતમાં ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રી વિવિંગ અને પ્રોસેસિંગ બેઇઝ છે. રો મટિરિયલ માટે પણ સુરત સિન્થેટિકનું હબ ગણાય છે. સિન્થેટિક પ્રોડકટ્‌સ માટેની સમગ્ર સપ્લાય ચેઇન સુરતમાં ઉપલબ્ધ છે. સ્પેશ્યલાઇઝ યાર્ન અને મેન્યુફેકચરર્સ પણ સુરતમાં ઉપલબ્ધ છે. આ ઉપરાંત સુરતમાં પોર્ટની

સુવિધા હોવાથી ઇમ્પોર્ટેડ રો મટિરિયલ પણ સરળતાથી આવી શકે છે. એકંદરે સુરતમાં ટેકનિકલ ટેકસટાઇલ્સના ભવિષ્ય માટે ઇન્ફ્રાસ્ટ્રકર, ટેકનોલોજી, મશીનરી, સ્કીલ, અનુભવ અને માર્કેટ પણ ઉપલબ્ધ છે.

સુરતમાં ટેકનિકલ ટેકસટાઇલ્સમાં વુવન માટે ખૂબ જ સારું ભવિષ્ય દેખાઇ રહયું છે. જો કે, એના માટે યુવા ઉદ્યોગ સાહસિકો, ટેકનિકલ એકસપર્ટ, માર્કેટ આઇડેન્ટીફાય કરવા માટે કન્સલ્ટન્ટ વિગેરે બધાનો જ સહકાર મળવો જોઇએ. બધાને સાથે મળીને કામ કરવાનું રહેશે. કારણ કે, ટેકનિકલ ટેકસટાઇલ્સમાં બધું જ સ્પેશિયલ જોઇતું હોય છે. સ્પેસિફિકેશન પ્રમાણે કવોલિટી ઇમ્પ્રુવમેન્ટ ખૂબ જ અગત્યનું છે અને સાતત્યતા જળવાઇ રહેવી જોઇએ. આ બધા પેરામીટર્સ ઉપર ખરા ઉતરી શકાશે ત્યારે જ ટેકનિકલ ટેકસટાઇલ્સમાં વુવન માટે સારી તકો ઉભી કરી શકીશું. એમએસએમઇ, સ્મોલ સ્કેલ ઇન્ડસ્ટ્રી અને વિવિંગ ઇન્ડસ્ટ્રીના ડેવલપમેન્ટ તેમજ ડોમેસ્ટીક માર્કેટમાં કન્ઝમ્પશન માટે સરકારનો પોલિસી સપોર્ટ પણ જરૂરી છે.

તેમણે વધુમાં કહયું હતું કે, ટેકનિકલ ટેકસટાઇલ્સમાં ચાઇના આગળ પડતું છે પણ છેલ્લા બે વર્ષથી કોવિડ–૧૯ને કારણે વિશ્વભરમાં જે પરિસ્થિતિનું નિર્માણ થયું હતું તેને કારણે વિશ્વની નજર હવે ભારત ઉપર છે. વર્ષ ર૦૦૪–૦પમાં જે તક ભારત ચૂકી ગયું હતું તે તક ફરીથી ભારતની સામે ઉભી થઇ છે અને આ તકને ઝડપી લેવા માટે સંપૂર્ણ પ્રયાસ કરવામાં આવશે તો ચાઇનાનું પ૦ ટકા માર્કેટ કેપ્ચર કરી શકાશે. વિશ્વની મોટી કંપનીઓ પણ ભારતમાં રોકાણ કરવા માટે ઉત્સુક છે.

ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતીએ સર્વે ઉદ્યોગકારોને ટેકનિકલ ટેકસટાઇલ્સમાં વુવન માટે જે ભવિષ્ય દેખાઇ રહયું છે તેને સાકાર કરવાની દિશામાં પ્રયાસ કરવા અનુરોધ કર્યો હતો. ચેમ્બરના ગૃપ ચેરમેન અમિષ શાહે સ્વાગત પ્રવચન કર્યું હતું. અંતે ચેમ્બરની ટેકનિકલ ટેકસટાઇલ્સ કમિટીના ચેરમેન પરેશ ઠુમરે સર્વેનો આભાર માની સેમિનારનું સમાપન કર્યું હતું.